# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-05-2024** **Evening : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

---

- પોઇચામાં નર્મદા નદીમાં ન્હાવા ગયેલા સુરતના આઠ લોકો ડૂબ્યા એકનો બચાવ... એનડીઆરએફની ટીમ દ્વારા પાણીમાં ગરકાવ લોકોની શોધખોળ
- રાજ્યભરમાં પડેલા ભારે વરસાદ બાદ પાક નુકસાનીનો સર્વે કરવાના આદેશ આપતા કૃષિમંત્રી .. 17મીમે બાદ અંતિમ સર્વે રિપોર્ટ સરકાર સમક્ષ રજૂ કરાશે
- વરસાદની કોઇપણ સ્થિતિને પહોંચી વળવા માટે... જીલ્લાઓમાં તકેદારીના પગલાં, બચાવ અને રાહત કામગીરીની સમીક્ષા
- આગામી ત્રણ દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાંક જીલ્લાઓમાં છુટાછવાયા વરસાદની હવામાન વિભાગની આગાહી...
- અમદાવાદના પ્રહલાદનગરમાં એક બહુમાળી ઇમારતમાં આગ.. ફાયરબ્રિગેડે 74 લોકોને બચાવ્યાં ..કોઇ જાનહાની નહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## POICHA TREGEDY

નર્મદા જિલ્લાના પોઇચામાં નર્મદા નદીમાં આઠ લોકો ડુબ્યા હતા.. સુરતથી પોઇચા આવેલા 17 લોકો નર્મદા નદીમાં ન્હાવા ગયા હતા પરંતુ જ્યારે ન્હાઇને બહાર

નિકળતા હતા ત્યારે જ આ દુર્ઘટના ઘટી હતી અને ત્રણ બાળકો સહિત આઠ લોકો ડૂબ્યા હતા.. જેમાંથી એક વ્યક્તિને સ્થાનિક યુવાનોએ  બચાવી લીધો હતો..જોકે હજુપણ સાત લોકોની શોધખોળ થઇ રહી છે. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે ધસી ગઇ હતી.. રાજપિપળાથી ફાયર બ્રિગેડના જવાનોપણ પહોંચ્યા હતાં.. બચાવ કામગીરી માટે એનડીઆરએફની ટીમ પણ પોઇચા પહોંચી ગઇ હતી.. આ તમામ લોકો અમરેલીના વતની હતા અને સુરતમાં હીરા ઘસવાનું કામ કરી રહ્યાં હતા.. આ ઘટનાની નર્મદા જીલ્લાના પોલીસ વડા પ્રશાંત સુમ્બેએ માહિતી આપી હતી..

(બાઇટ-પ્રશાંત સુમ્બે, જીલ્લો પોલીસ વડા, નર્મદા)

## RAGHAVJI PATEL

રાજ્યમાં પડેલા કમોસમી વરસાદને લઈને કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે પાક નુકશાની માટેના સર્વે કરાવવાના આદેશ આપી દેવાયા છે.. તેમણે ઉમેર્યું હતું કે હજુ પણ 4 દિવસ વરસાદ ની આગાહીને લઈને અંતિમ સર્વે અહેવાલ 17 મી મે બાદ મંગાવવામાં આવશે.

(બાઇટ- રાઘવજી પટેલ, કૃષિમંત્રી,ગુજરાત)

## Pri -Monsoon bethak

રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ચોમાસામાં તકેદારીના આગોતરા આયોજન સંદર્ભે પ્રિ-મોન્સુન બેઠક યોજાઇ હતી.

પંચમહાલથી અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત માહિતી આપે છે કે  જિલ્લા કલેક્ટર આશિષ કુમારનાના અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સુન બેઠક યોજાઇ હતી

આ બેઠકમાં જિલ્લા કલેકટરે પ્રિ-મોન્સુનની તૈયારીઓ અને તકેદારીના ભાગરૂપે આગામી ચોમાસાની ઋતુમાં સંભવિત પૂર,વાવાઝોડું અને અતિવૃષ્ટિની સંભાવનાને પહોંચી વળવા આગોતરું આયોજન કરી ઉપસ્થિત તમામ અધિકારીઓને સૂચન કર્યું હતું. તેમણે પ્રિ-મોન્સુન દરમિયાન જિલ્લાના દરેક વિભાગે કરવાની થતી કામગીરીની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને પ્રિ-મોનસુન કામગીરીના આયોજન અંગેની બેઠક યોજાઈ હતી. જેમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત તમામ તાલુકા સ્તરે લાયઝન અધિકારીની નિમણુંક કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લામાં વરસાદને પગલે જિલ્લા કલેકટર પ્રશસ્તિ પારિકે ઇમર્જન્સી ઓપરેશન સેન્ટરની મુલાકાત લીધી હતી અને તમામ તૈયારીઓની સમીક્ષા કરી હતી. વરસાદને લઈને જિલ્લાની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી. અરવલ્લી જિલ્લા તંત્રને સતર્ક રહેવા સૂચનો કર્યા હતા.

પાટણ ખાતે નિવાસી અધિક કલેક્ટર બી.એસ. પટેલની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સૂન બેઠક યોજાઇ હતી. જેમાં પ્રિ-મોન્સૂનની પૂર્વ તૈયારીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ગાંધીનગરમાં પણ કલેકટર મેહુલ દવેના અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સુન સમીક્ષા બેઠક યોજાઇ હતી.

## AGAHI

રાજ્યમા ગઇકાલે વરસેલા ભારે અને તોફાની વરસાદ બાદ હવામાન વિભાગ આગામી ત્રણ દિવસની કેટલાંક સ્થળોએ છુટાછવાયા વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આવતીકાલે પંદરમી મેના રોજ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છુટાછવાયા વરસાદની શક્યતા છે. જ્યારે રાજ્યના બાકીના વિસ્તારોમાં હવામાન સુકુ રહેશે..જ્યારે 16મી મેના રોજ સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી અને ગીર સોમનાથ જીલ્લાઓમાં અને દક્ષિણગુજરાતમાં પણ છુટો છવાયો વરસાદ વરસે તેવી હવામાન વિભાગે સંભાવના દર્શાવી છે.. જ્યારે સત્તરમી મેના રોજ ડાંગ, નવસારી , વલસાડ અને દાદરાનગર હવેલીમાં વરસાદની શક્યતા છે..

દિવસ દરમ્યાન, રાજયભરમાં સામાન્ય વરસાદના અહેવાલ છે. ગાંધીનગરમાં સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જાહેર કરાયેલા આંકડા અંનુસાર સવારના છ થી સાંજના છ વાગ્યા સુધી આઠ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો હતો. સાગબારામાં સૌથી વધુ 13 મી.મી. વરસાદ નોંધાયો હતો.

## VALSAD SURVY

વલસાડ ના તિથલ દરિયા કિનારે એકાએક વાવાઝોડુ આવતા  ભાગદોડ મચી ગઇ હતી. પવન એટલો જોરદાર ફૂકાયો હતો કે દરિયા કિનારે લાગેલા સ્ટોલમાં રહેલો સમાન વેરવિખેર થઈ ગયો હતો.. તિથલ દરિયા કિનારા આવેલા સહેલાણીઓમાં પણ દોડધામ મચી ગઇ હતી..ગઇકાલે પણ વલસાડમાં ભારે વરસાદને કારણે વ્યાપક નુકસાન થયું હતું..

દરમિયાન, વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા કેટલાક ગામોમાં ગઈ કાલે ભારે પવન સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. અંતરિયાળ વિસ્તારમાં આવેલા ગામોમાં ચાલતી આંગણવાડી સહિતના વિસ્તારોમાં નુકશાની થઇ હતી વલસાડ જીલ્લાની. ડિઝાસ્ટરની ટીમને ઘટનાની જાણ થતાં વિવિધ ગામડાંઓમાં સર્વે માટે ટીમ મોકલાવી થયેલા નુક્શાનીના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. ભારે પવન સાથે વરસાદ પડવાથી 5 જેટલા ગામડાઓમાં ઘર, આશ્રમ શાળા અને આંબા વાડીઓમાં નુક્શાન થયું હોવાનું સામે અવતા વલસાડ ડિઝાસ્ટર મામલતદારે તમામ વિસ્તારમાં સર્વેની કામગીરી હાથ ધરી છે. સર્વે પૂર્ણ થયા બાદ વિસ્તારમાં થયેલી નુક્શાનીનું તારણ કાઢવામાં આવશે તેવી માહિતી  ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના મામલતદારે આપી હતી.

તાપીના નિઝરમાં વ્યાવલ ગામે એક તૂટી પડેલા વીજપોલને રીપેર કરવા માટે ગયેલા ઇલેક્ટ્રીકલ કર્મચારીનું કરંટ લાગતા મોત નિપજ્યું હતું.

## AHD FIRE

અમદાવાદના પ્રહલાદનગરના કોર્મસ હાઉસમાં આગની ઘટના ઘટી હતી.. કોમર્સ હાઉસના નવમાં માળે ઇલેક્ટ્રીક ડગમાં આગની ઘટનાના પગલે દોડધામ મચી ગઇ હતી.. ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતાં પંદર વાહનોના કાફલા સાથે અધિકારીઓ અને ફાયર કર્મીઓ ધસી આવ્યા હતા.. હાઇડ્રોક્લોરિક પ્લેટફોર્મ સાથે બચાવ અનેરાહતની કામગીરી કરવામાં આવી હોવાનું ચીફ ફાયર ઓફિસરે જણાવ્યું હતું.. ફાયર બ્રિગેડના જણાવ્યા અનુસાર બપોરે લાગેલી આગમાં ફસાયેલા 74 જેટલા ફસાયેલા વ્યક્તિઓને ભારે જહેમત બાદ રેસ્ક્યુ કરાયાં હતા

## 12 Science Marksheet

રાજયની શાળાઓમાંથી આગામી 17મી મે થી ધો-12 વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટ 2024 પરીક્ષાના પરિણામની માર્કશીટ, એસ.આર. અને પ્રમાણપત્રો મેળવી શકાશે.

ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના ઉમેદવારોની ગુજકેટ 2024 પરીક્ષાની માર્કશીટ ટપાલ મારફતે મોકલી આપવામાં આવશે.

## Surendranagar –yogsummer camp

સુરેન્દ્રનગર જિલ્લામાં આગામી તા.૨૦ થી તા.૨૯ મે સુધી નિઃશુલ્ક યોગ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સુરેન્દ્રનગરથી અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા જિલ્લામાં શહેરી સ્થળોમાં અલગ-અલગ ૮ સ્થળોએ યોગ સમર કેમ્પ યોજાશે . જેમાં IPS શાળા , સનશાઈન શાળા , વિવેકાનંદ શાળા , ડાયમંડ જયુબિલી શાળા , લખતર એ.વી.ઓઝા શાળા ,લીંબડી સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ધ્રાંગધ્રા આર્ય સમાજ મંદિર ,સાયલા શખપર પ્રાથમિક શાળામાં આ કેમ્પનું આયોજન કરાયું છે . સવારે ૦૭:૦૦ થી ૦૯:૦૦ કલાક સુધી યોજાનાર આ કેમ્પમાં ૦૭ થી ૧૫ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. આ કેમ્પમાં સવારે નાસ્તો, યોગાસનો , ગીતાના શ્લોકો તેમજ પ્રાણાયામ પણ શીખવવામાં આવશે. કેમ્પમાં અગાઉ કરાવેલ રજીસ્ટ્રેશનના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

## Surendranagar –yogsummer camp

સુરેન્દ્રનગર જિલ્લામાં આગામી તા.૨૦ થી તા.૨૯ મે સુધી નિઃશુલ્ક યોગ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સુરેન્દ્રનગરથી અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા જિલ્લામાં શહેરી સ્થળોમાં અલગ-અલગ ૮ સ્થળોએ યોગ સમર કેમ્પ યોજાશે . જેમાં IPS શાળા , સનશાઈન શાળા , વિવેકાનંદ શાળા , ડાયમંડ જયુબિલી શાળા , લખતર એ.વી.ઓઝા શાળા ,લીંબડી સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ધ્રાંગધ્રા આર્ય સમાજ મંદિર

,સાયલા શખપર પ્રાથમિક શાળામાં આ કેમ્પનું આયોજન કરાયું છે . સવારે ૦૭:૦૦ થી ૦૯:૦૦ કલાક સુધી યોજાનાર આ કેમ્પમાં ૦૭ થી ૧૫ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. આ કેમ્પમાં સવારે નાસ્તો, યોગાસનો , ગીતાના શ્લોકો તેમજ પ્રાણાયામ પણ શીખવવામાં આવશે. કેમ્પમાં અગાઉ કરાવેલ રજીસ્ટ્રેશનના  ધોરણે પ્રવેશ આપવામાં આવશે.